# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૯/૧૧/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# સુરતના ઉદ્યોગ સાહસિકો માટે છેલ્લા બે વર્ષથી બંધ થયેલી પીએમઇજીપી સ્કીમ ફરીથી શરૂ થવાના એંધાણ

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રજૂ કરાયેલા વિવિધ મુદ્દાઓને ગાંધીનગર ખાતે મળનારી બેઠકમાં અધિકારીઓ દ્વારા રજૂ કરવામાં આવશે

**સુરત.** સુરતમાં છેલ્લા બે વર્ષથી કેન્દ્ર સરકારની પીએમઇજીપી સ્કીમ કોઈ કારણસર બંધ રાખવામાં આવી હતી, જેના અનુસંધાનમાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સતત કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના સંબંધિત અધિકારીઓને રજૂઆત કરાઇ હતી. આ રજૂઆતો સંદર્ભે કેન્દ્ર સરકારના ખાદી વિલેજ એન્ડ ઇન્ડસ્ટ્રી કોર્પોરેશન (કેવીઆઇસી)ના રાજ્ય નિર્દેશક સંજય હેડાવ તથા તેમના સાથી સહાયક નિર્દેશક અજય રાજપાલ અને જગબીર સિંઘનું પ્રતિનિધિ મંડળ ગતરોજ ચેમ્બર ખાતે ઉપરોક્ત બાબતે ચર્ચા કરવા માટે આવ્યું હતું.

આ બેઠકમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ હિમાંશુ બોડાવાલા તથા ચેમ્બરની ગવર્નમેન્ટ સ્કીમ કમિટીના ચેરમેન સીએ રાજીવ કપાસિયાએ આ પ્રતિનિધિ મંડળ સાથે વિવિધ મુદ્દે ચર્ચા કરી હતી. તેમાં મુખ્યત્વે ટેકસટાઇલ ક્ષેત્રે આ સ્કીમનો લાભ મળી રહે તેવી માંગણી કરવામાં આવી હતી તથા છેલ્લાં બે વર્ષથી અટવાઈ રહેલા સુરતના ઉદ્યોગ સાહસિકોની લગભગ ૬૦૦૦ જેટલી અરજીઓનો તાત્કાલિક નિકાલ કરવા પણ અનુરોધ કરવામાં આવ્યો હતો.

ચેમ્બર દ્વારા ટેકિનકલ મુદ્દા જેવા કે પેન્ડીગ અરજીઓમાં નામમાં થયેલી ભૂલો, સરનામામાં થયેલી ભૂલો તથા બેંકનું નામ બદલવા પરવાનગી મળવી જોઈએ તેવી પણ રજૂઆત કરવામાં આવી હતી. આ તમામ રજૂઆતોને સાંભળ્યા બાદ કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરનાર સંજય હેડાવ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ચેમ્બર દ્વારા રજૂ કરાયેલા તમામ મુદ્દાઓ સોમવાર, તા. ૨૧ નવેમ્બરના રોજ યોજાનારી મિટીંગમાં આવરી લેવાશે અને ટૂંક જ સમયમાં સુરતમાં પીએમઇજીપી સ્કીમની અરજીઓ ફરીથી લેવાનું શરૂ કરવામાં આવશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ભૂતકાળમાં આ સ્કીમ અંતર્ગત થોડી ઘણી ગેરરીતિઓ થઇ હોઇ સરકાર અમુક શરતોને આધિન જ અરજી સ્વીકારવાની પરવાનગી આપશે.

તેમના મંતવ્ય પ્રમાણે ફુલ્લી ઓટોમેટિક મશીનોને આ સ્કીમમાં આવરી લેવામાં આવશે નહીં. જે સંદર્ભે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ જણાવ્યું હતું કે, આત્મનિર્ભર ભારત અને આત્મનિર્ભર ગુજરાત અંતર્ગત હાલમાં સુરતના ઉદ્યોગકારો દ્વારા વોટરજેટ મશીનરી સ્થાનિક સ્તરે બનાવવાનું શરૂ કરવામાં આવ્યું છે, જે ફુલ્લી ઓટોમેટિક છે અને ચાઈનાથી આયાત થતા મશીન કરતા ૫૦ % ઓછા ભાવે મળી રહે તેવી સંભાવના છે. આવા સંજોગોમાં ફુલ્લી ઓટોમેટિક ઈમ્પોર્ટેડ મશીનોને આ સ્કીમમાં નહીં આવરતા ડોમેસ્ટિક મશીનોને આ સ્કીમ હેઠળ આવરી લેવામાં આવે તેવી રજૂઆત કરી હતી.

ઉપરોક્ત તમામ રજૂઆતોનો કેન્દ્ર સરકારના પ્રતિનિધિ મંડળે સકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો અને જણાવ્યું હતું કે ટુંક જ સમયમાં ઉપરોક્ત સ્કીમનો લાભ સુરતના ઉદ્યોગ સાહસિકો લઇ શકશે.